# પાલનપુર આઈટીઆઈના વિદ્યાર્થીઓને પરીક્ષા રસીદ ન મળતાં હોબાળો

પાલનપુર, તા. ૩૦

પાલનપુર આઈ.ટી.આઈ.ના ૨૫ જેટલા વિદ્યાર્થીઓને આજે લેવામાં આવેલ એચ.એસ.ની પરીક્ષામાં રસીદ ન મળતાં આઈ.ટી.આઈ. મેનેજમેન્ટની ભુલ સામે તાલીમાર્થી વિદ્યાર્થીઓએ હોબાળો મચાવી ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો.

પાલનપુર આઈ.ટી.આઈ.માં આજે બપોરે મશીનરીની એન.એસ.ની પરીક્ષા લેવામાં આવી હતી. જો કે આ પરીક્ષામાં ૮૦ ટકાથી વધુ હાજરીવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરંતુ આઈ.ટી.આઈ. મેનેજમેન્ટની ભુલના કારણે આઈ.ટી.આઈ.ના ૨૫ થી વધુ વિદ્યાર્થીઓની હાજરી ૮૦ ટકા હોવા છતાં આ તાલીમાર્થીઓને પરીક્ષામાં પ્રવેશ અંગે રસીદ આપવામાં ન આવતા આ વિદ્યાર્થીઓએ આઈ.ટી.આઈ. આગળ હોબાળો મચાવી આઈ.ટી.આઈ. મેનેજમેન્ટ વિરૂદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી પરીક્ષાનો વિરોધ કર્યો હતો.

જો કે આઈ.ટી.આઈ.ના ૨૫ જેટલા વિદ્યાર્થીઓ એમ.એસ.ની પરીક્ષાથી વંચિત રહેતા તેમના બે વર્ષે બગડવાની આશંકાએ યુથ કોંગ્રેસે આ વિદ્યાર્થીઓને ન્યાય નહિ મળે તો આંદોલન છેડવાની ધમકી ઉચ્ચારતા આઈ.ટી.આઈ. મેનેજમેન્ટ હરકતમાં આવી જવા પામ્યું હતું.



કાંકરેજ તાલુકા મથક શિહોરી બ્રાહ્મણવાસમાં શ્રાવણ માસના પવિત્ર દિવસે નાગ દેવતાએ દર્શન આપતાં લોકો દર્શન કરવા ઉમટી પડ્યા હતા. કાંકરેજ તાલુકાના શિહોરી મુખ્ય મથક ખાતે આવેલ બ્રાહ્મણવાસમાં બ્રહ્માણી માતાના સ્થાનકે ગઈકાલે સાંજે આરતી વખતે નાગ દેવતાનાં દર્શન દેખા દેતાં લોકો દર્શન કરવા ઉમટી પડ્યા હતા અને દર્શન આપી અદશ્ય થઈ ગયા હતા. (તસવીર : રામજીભાઈ રાયગોર)


# પાલનપુર રેલવે સ્ટેશન પરથી ૫૪૬ કિલો ગૌમાંસનો જથ્થો ઝડપાયો : જનતામાં ભારે રોષ

પાલનપુર, તા. ૩૦

જેમાં તેત્રીસ કરોડ દેવી દેવતાઓનો વાસ છે તેવી ગૌમાતાની હત્યા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમ છતાં તંત્રની લાપરવાહીના કારણે ગૌમાંસની હેરાફેરી અને વેચાણનો કારોબાર ધમધમી રહ્યો છે. જે વચ્ચે આજે સવારે પાલનપુર રેલવે પોલીસે રેલવે પાર્સલમાં આવેલ ૫૪૬ કિલો સંકાસ્પદ ગૌમાંસ સાથે બે શખ્સોને ઝડપી પાડતા ગૌમાંસના કારોબાર સાથે સંકળાયેલા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. પવિત્ર શ્રાવણ માસમાં પાલનપુર રેલવે સ્ટેશન ઉપરથી ૫૪૬ કિલો ગૌમાંસનો જથ્થો ઝડપાતા ધર્મપ્રેમી જનતામાં કચવાટની લાગણી ફેલાઈ જવા પામી હતી.

રેલવેમાં હેરાફેરી થતા ગૌમાંસના કાળા કારોબારીની વિગત જોઈએ તો પાલનપુર રેલવે પી.એસ.આઈ. મકવાણાએ બાતમીના આધારે આજે સવારે પોતાની પોલીસ ટીમ સાથે રેલવે સ્ટેશન ઉપર વોચ ગોઠવી હતી. જેમાં બરેલી ભુજ એક્સપ્રેસ ટ્રેન પાલનપુર આવી પહોંચતા આ ટ્રેનમાંથી ૫૪૬ કિલો શંકાસ્પદ ગૌમાંસ ભરેલ ૬ બોક્સ પાર્સલ ઓફિસમાં ઉતારવામાં આવ્યા હતા. ત્યાંથી બે શખ્સો દ્વારા આ માંસનો જથ્થો મારૂતી વાન નં. જીજે-૮-એફ-૨૯૬ ૩માં ભરી તેને લઈ જવામાં આવતા પોલીસે બે શખ્સો સહિત માંસ ભરેલી વાનને ઝડપી પાડી મુદ્દામાલ કબજે કર્યો હતો. અને એફ.એસ.એલ.ની મદદથી તપાસ હાથ ધરી હતી. રેલવે પોલીસે જણાવ્યું હતું કે બરેલી ભુજમાં લાવવામાં આવેલ ગૌમાંસનો જથ્થો દિલ્હીથી લાવવામાં આવતો હતો અને પાલનપુરથી વાન મારફતે અમદાવાદ તરફ લઈ જવામાં આવતો હતો. આમ રેલવે મારફતે ગૌમાંસની હેરાફેરીના કારોબારમાં જોતરાયેલ પાલનપુરના બે શખ્સોને પોલીસની સજાગતાના કારણે રેલવે પોલીસની મહેમાન નવાજી કરવી પડી હતી.





અંબાજીથી ચૌદ કિલોમીટર આવેલા ત્રિશુલીયા ઘાટ પાસે પહાડી વિસ્તારમાં આદીવાસી સમાજનો ગુણીયા ફળી વિસ્તાર આવેલો છે આ વિસ્તાર પાસે કુદરતી ઝરણું દોઢ સો ફુટ ઉંચેથી નીચે વહે છે આ ઝરણા પાસે સૌ પ્રથમ એક પથ્થર પર અંગ્રેજીમાં પી. લખેલુ મળી આવ્યુ હતુ. ત્યારે બાદ તેનાથી થોડે દુર પથ્થરની નીચે મધ્યમાં એક નાની ગુફા નીચે સ્વયંભુ મહાદેવ પ્રગટ થયેલા સ્થાનીક આદીવાસીઓએ જોયા હતા. આ વિસ્તારમાં રહેતા અને મધ્યાહન ભોજનમાં સંચાલક તરીકે નોકરી કરતા રાજુભાઈ વાસીયા રહે. હરીયાવાવ વિસ્તારવાળાઓને આ અદ્‌ભુત ગુફા નજરે પડી હતી આ ગુફા તેમની નજરે પડી હતી અને તે બાદની તપાસમાં ગુફામાં સ્વયંભુ પ્રગટ થયેલ મહાદેવના દર્શન થયા હતા. આ અદ્‌ભુત અને ચમત્કારીક બનાવમાં તેઓ સાક્ષી બનતા તેમને સમગ્ર ગ્રામવાસીઓને મહાદેવના શ્રાવણ માસમાં થયેલા ચમત્કારની વાત કરી હતી. તે બાદ આ સ્થળે અનેક ભાવિકો દર્શનાર્થે ઉમટેલ છે અંબાજીના પર્વતીય વિસ્તારમાં સ્વયંભુ મહાદેવ પ્રગટ થવાના સમાચારો વહેતા થતા ભક્તજનોને મહાદેવના દર્શન કરવાની ઘેલછા લાગતા ભક્તોએ દોડધામ મચાવેલ છે. (તસવીર : ધનેશભાઈ પરમાર, ડીસા)

# વ્યાસ પાલડી ગામે એક જ જ્ઞાતિના બે પરિવારો વચ્ચે અથડામણ

માણસા, તા.૩૦

માણસા પાસેના વ્યાસ પાલડી ગામે ગતરોજ બપોરના સુમારે છોકરી સાથે ઝઘડો કરવાની સામાન્ય બાબતે ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં આઠ લોકોએ ભેગા મળી અન્ય એક પરિવારના સભ્યોને ઢોર માર મારી લોહી લુહાણ કરી નાખ્યા હતા. જે બાબતની ફરિયાદ માણસા પોલીસ મથકમાં મળતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ માણસા તાલુકાના વ્યાસ પાલડી ગામે ગત રોજ ૧૧ વાગ્યાના સુમારે એક જ મહોલ્લામાં રહેતા એક જ કોમના બે પરિવારો વચ્ચે છોકરી સાથે કેમ ઝઘડો કરો છો તેવી નજીવી બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા લોકોએ ભેગા મળી મુકેશભાઈ પરમારના પરિવાર પર તીક્ષ્ણ હથિયારો અને બોથડ હથિયારો વડે હુમલો કર્યો હતો. જેમાં ત્રણ વ્યકિતઓ ગંભીર રીતે ઘવાયા હતા. જેઓને તાત્કાલિક ગાંધીનગર સિવિલમાં ખસેડાયા હતા. આ મામલે ઉષાબેન પરમારે માણસા પોલીસ મથકે પ્રવિણ સોમાભાઈ પરમાર, રાજુ સોમાભાઈ પરમાર, પાર્થ પ્રવિણભાઈ પરમાર, પ્રકાશ પ્રવિણભાઈ પરમાર, દિનેશ નાથાભાઈ પરમાર, બિસન જોઈતાભાઈ, કૌશિકભાઈ, કાન્તિભાઈ અને અનિલ જોઈતાભાઈ વિરુધ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઊંઝા તાલુકાના કેટલાક ગામડાઓનાં તલાટીઓની બેદરકારીથી માહિતી મેળવવામાં ગ્રામજનો પરેશાન

ઊંઝા, તા. ૩૦

ઊંઝા તાલુકામાં તાલુકા અને જિલ્લા કક્ષાના સબંધિત ઉચ્ચ અધિકારીઓની નિષ્ક્રિયતા યા તપાસણીના અભાવે કેટલાક ગામોમાં તલાટીઓ પાસે રખાતા મહત્વના રેકર્ડનું કોઈ ઠેકાણું ન હોવાથી મહત્વના રેકર્ડ મેળવવા માટે ગ્રામજનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી જૂના ગામઠાણપત્રક, વાડાપત્રક, જમીનને લગતા નકશાઓ, તેમજ અન્ય મહત્વના રેકર્ડ, ડેડ સ્ટોકનું ઠેકાણું નથી. વર્ષો જુના રેકર્ડને નવેસરથી બનાવવાની તેમજ જાળવવાની તસ્દી કે કાળજી લેવામાં આવી નથી.

કેટલીક ગ્રામ પંચાયતોમાં કથિત તલાટીઓએ રેકર્ડ સાથે ચેંડા કરી તેમજ ગરબડ ગોટાળાઓ થકી વ્યાપક ભ્રષ્ટાચાર કર્યા હોવાનું કહેવાય છે. કહે છે કે, કેટલાક રીઢા તલાટીઓ રાજકીય ઓથ યા લાગવગ તેમજ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવીને પોતાના આર્થિક હીતો સાચવીને તગડા થઈ રહ્યા છે. કહે છે કે, કેટલીક ગ્રામ પંચાયતોમાં વહિવટી અનિયમિતતા, ખાયકી સામાન્ય બની ગઈ છે. વિકાસને લગતા તેમજ અન્ય પ્રજાહિતને લગતા કામોમાં ગેરરીતિઓ થકી ભ્રષ્ટાચારના કિસ્સા ચર્ચાસ્પદ બન્યા છે.

ગ્રામ પંચાયતોમાં થયેલ ગરબડ ગોટાળા, ગેરરીતિઓ સંદર્ભે ઉચ્ચ કક્ષાએથી યોગ્ય તપાસ નથી. કે કસૂરદારો સામે કોઈ કડક પગલાં લેવાતાં નથી. ગ્રામ પંચાયતોમાં જે ગરબડ ગોટાળા થયા છે તે અંગે તાલુકા કે જિલ્લા કક્ષાના અધિકારીને તપાસ કરવાની પણ ફૂરસદ નથી.જેથી તેઓનું મૌન સાંઠગાંઠની ચાડી ખાઈ રહ્યું હોય તેમ જણાય છે.

સરકારના લોકકલ્યાણ મેળા તેમજ અન્ય કથિત સિદ્ધિઓના જોરશોરથી ગાણાં ગવાય છે. પરંતુ ગામડાઓમાં ગ્રામપંચાયતના મહત્વના રેકર્ડ, વહિવટી કામગીરી, થયેલ કામો, પ્રગતિમાં છે તે કામોની ઝીણવટભરી તપાસ કરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ મનાય છે.

# ડીસાના રીસાલા ઉપાશ્રય ના સાધ્વીજી કાળધર્મ પામતા તેમની સમશાન યાત્રામાં મોટી સંખ્યામાં જૈનો જોડાયા

ડીસા, તા. ૩૦

ડીસા પુજય બાપજી મહારાજ સાહેબના સમુદાય વર્તી પુજય ઓમકાર શુરી મહારજ સાહેબના સમુદાયના આચાર્ય ભગંવત અરવીંદ સુરેશ્વરજી મહારાજના આગ્ના વર્તી સાધ્વીજી ધર્મ પૂર્ણાશ્રીજી મહારાજ સાહેબના શી"યા સાધ્વીજી મતીપૂર્ણાશ્રીજી મહારાજ શ્રાવણ સુદ અગીયારસ ના રવીવારના રોજ સમાધી પૂર્વક કાળ ધર્મ પામ્યા છે.

સાધ્વીજી મતીપુર્ણાશ્રીજી મહારાજ આરાધનામય જીવન જીવ્યા. રાધનપુરના સુસંસ્કારી પરીવાર માં તેમનો જન્મ થયો અને બાળપણથી પ્રભુના માર્ગ જવાનુ તીવ્ર ઈચ્છા પૂર્વ જન્મ ના સંસ્કારો લઈને આવેલા,મૌષ્ઠા પિતાની અનુમતી મેળવી ૨૩ વર્ષની ભર યૌવનવય સંસારનો ત્યાગ કરી સંયમ પથે પ્રયાણ કર્યુ. સંયમ લીધા બાદ પ્રભુની આજ્ઞા પાલનમાં ચુસ્તતા, પ્રભુ ભક્તિ, ગુરૂઓ મહારાજ સાધ્વીજી ધર્મપુર્ણ શ્રીજીની વૈયાવચ્ચ વિગેરે ગુણોથી જીવનને સફળ કરી દીધુ હતુ. સહુને સહાય કરી જીવન જીવતા જીવતા રવીવારના રોજ બપોરે સમાધીપૂર્ણ મૃત્યુને વર્યા છે.

પુજય સાધ્વીજીની પાલખી આજરોજ શ્રાવણ સુદ બારસના સવારે આઠ વાગે રીસાલા ઉપાશ્રયથી વિદાય થઈ હતી. અને બનાસ નદીના પટમાં તેમને અંતીમ વીધી કરાઈ હતી. આ યાત્રામાં જૈન સમાજના ભાઈઓ- બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## હિંમતનગર સબજેલ ખાતે ધાર્મિક પ્રવચનનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સબજેલ ખાતે પવિત્ર શ્રાવણ માસ અને રમઝાન માસ નિમિત્તે જેલમાં કેદીભાઈઓ માટે એક ધાર્મિક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંમતનગર સબ જેલ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં રાજ્યની જેલોના વડા પી.સી. ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા અને હિન્દુ તથા મુસ્લીમ સમાજના પવિત્ર શ્રાવણ અને રમઝાન માસમાં કેદી ભાઈઓને ધાર્મિકતા અપનાવવી. શારૂ કાર્ય કરવું, જીવનમાં સારૂ આચરણ કરવું એજ ઉદેશ હોવો જોઈએ. તેવું સદ્‌ભાવના ભરેલું પ્રસંગને અનુરૂપ પ્રવચન આપવામાં આવ્યું હતું. ૩૦ મુસ્લીમ રોઝાદાર બિરાદરોને મૌલવી સાહેબે નમાઝ અદા કરાવી હતી અને મનમાંથી દુષ્ટ વિચારોને ઉખેડી ફેંકી દેવા તેમજ ધાર્મિક વિચારથી માનવી તેમજ તેનું મનોબળ મજબુત બને છે.

# દિપડા દરવાજા કેસ : ૨૨ દોષિત જાહેર કરાયા, ૬૧ નિર્દોષ છૂટ્યા

## ભાજપના ધારાસભ્ય પ્રહલાદ પટેલ પણ શંકાના લાભના આધાર પર નિર્દોષ છૂટ્યા : અપરાધી જાહેર થયેલા ૨૨ પૈકી ૨૧ હત્યાના પ્રયાસ બદલ દોષિત

મહેસાણા,તા.૩૦

કોમી હિંસા દરમિયાન સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર દિપડા દરવાજા હત્યાકાંડ કેસમાં આજે ચુકાદો આપવામાં આવ્યો હતો. મહેસાણાની ખાસ ટ્રાયલ કોર્ટે આ ચકચારી કેસમાં ૨૨ આરોપીઓને અપરાધી ઠેરવ્યા હતા જ્યારે ૬૧ લોકોને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. જજ એસસી શ્રીવાસ્તવે જે ૬૧ લોકોને છોડી મુક્યા છે તેમાં ભાજપના ધારાસભ્ય પ્રહલાદભાઈ મોહનભાઈ પટેલનો સમાવેશ થાય છે. નિર્દોષ છોડી મૂકાયેલા ૬૧ પૈકી ૫૧ને શંકાનો લાભ અપાયો છે જેમાં પ્રહલાદ પટેલ અને વિસનગર મ્યુનિસિપાલિટીના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલનો સમાવેશ થાય છે. પોલીસ ઈન્સ્પેક્ટર અને પ્રથમ તપાસકાર એમ.કે.પટેલને ફરજ પર બેદરકારી બદલ દોષિત ઠેરવવામાં આવ્યા છે. ૨૦૦૨નાં રમખાણ કેસમાં પટેલ એવા પ્રથમ પોલીસ ઓફિસર છે જેમને દોષિત ઠેરવવામાં આવ્યા છે. અશોક પરમાર સિવાય તમામ દોષી જાહેર થયેલાં ગુજરાતનાં પટેલ સમુદાયનાં છે.

આ હત્યાકાંડ કેસમાં ૮૩ આરોપીઓ પૈકી તમામને હત્યાના આરોપમાંથી નિર્દોષ છોડવામાં આવ્યા છે. જે ૨૨ને અપરાધી ઠેરવવામાં આવ્યા છે તેમાં ૨૧ને હત્યાના પ્રયાસ બદલ દોષિત ઠેરવવામાં આવ્યા છે જ્યારે અન્ય એકને ફરજ પર બેદરકારી બદલ દોષિત ઠેરવવામાં આવ્યા છે. મહેસાણા જિલ્લામાં વિસનગરના ધારાસભ્ય પ્રહલાદભાઈ મોહનલાલ પટેલને શંકાનો લાભ આપી તમામ અરોપોમાંથી નિર્દોષ છોડી મુકવામાં આવ્યા છે. શરૂઆતમા ૮૩ આરોપીઓ સામે આરોપો ઘડવામાં આવ્યા હતા તેમાં ત્રણ મહિલાઓ પણ હતી ત્યારબાદ કોર્ટે ફરિયાદીની અપીલને સ્વીકારી લઈને અન્ય બેને પણ આરોપી તરીકે ગણ્યા હતા જેથી સંખ્યા વધીને ૮૫ ઉપર પહોંચી હતી. ટ્રાયલ દરમિયાન ૮ નજરે જોનાર સાક્ષીઓ સહિત ૧૨૭ લોકોની તપાસ કરવામાં આવી હતી. અગાઉ સવારે દિપડા દરવાજા મામલામાં ચુકાદો જાહેર થવાનો હોવાને કારણે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત સાક્ષીઓ અને ફરીયાદીને પણ પુરતી સુરક્ષા પુરી પાડવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ સમગ્ર રાજ્યમાં કોમી રમખાણો થયા હતા. જેમાં મહેસાણા જિલ્લાના દિપડા દરવાજા વિસ્તારમાં કોમી ટોળાએ એક જ પરિવારના ૧૧ લોકોની હત્યા કરી હતી. જેમાં ભાજપના ધારાસભ્ય સહિત ૮૫ લોકો સામે ફરીયાદ થઈ હતી. વર્ષ ૨૦૦૨માં કોમી રમખાણો વખતે મહેસાણા જિલ્લામાં વિસનગર શહેરના દિપડા દરવાજા વિસ્તારમાં પણ વિસ્તારમાં હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ટોળાએ એક જ પરિવારના ૧૧ સભ્યોની હત્યા કરી દીધી હતી. શરૂઆતમાં ૮૩ લોકો સામે આરોપો ઘડવામાં આવ્યા હતા. પરંતુ કોર્ટે ફરિયાદી મોહમ્મદ ઈકબાલની અરજીને સ્વીકારી લીધી હતી અને વધુ બે સામે આરોપો ઘડવામાં આવ્યા હતા. કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૬૭ હેઠળ આરોપો ઘડવામાં આવી ચુક્યા છે. દિપડા દરવાજા નવ કેસો પૈકીનો એક કેસ છે જેમાં સુપ્રીમ કોર્ટના આદેશ પર સીટ દ્વારા તપાસ કરવામાં આવી છે. ગામમાં ૮૦ ટકા મુસ્લિમ રહેવાસીઓ છે. આ લોકોએ આવી સાંપ્રદાયિક હિંસા ક્યારે પણ જોઈ ન હતી.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન